# સંસ્કૃતિ રક્ષા સમાચાર

।। નમો નમઃ શ્રી જિન શાસનાય ।।

શ્રી જૈન સંઘ અંતર્ગત

## શ્રી વર્ધમાન પરિવાર


**ધર્મધ્વંસે ક્રિયા લોપે, સ્વસિદ્ધાંતાર્થ વિપ્લવે ।**
**અપૃષ્ઠે નાઽપિ શકતેન, વકતવ્યં તં નિષેધિતુમ્ ।।**

એટલે કે ધર્મનો ધ્વંસ થાય, ક્રિયાનો લોપ થાય કે સિદ્ધાંતનો વિપ્લવ થાય ત્યારે જેની પાસે કોઈ પીઠબળ ન હોય તેવા શ્રાવકોએ કદાચ જીવનભરનું મૌન પણ લીધું હોય તોપણ જાહેરમાં આવીને ખોટી વાતનો નિષેધ કરવાનો શાસ્ત્રએ તેમને કાર્યભાર સોંપ્યો છે. એક હજાર આરાધક કરતા એક પ્રભાવક ચડે છે અને એક હજાર પ્રભાવક કરતાં એક રક્ષક ચડે છે. એટલે આરાધના ધર્મ કરતાં પણ રક્ષાધર્મ શ્રીસંઘ માટે બહુ ચડિયાતો ધર્મ બતાવ્યો છે અને અમને અત્યારે એવી પ્રતીતિ થઈ રહી છે કે આ રક્ષાધર્મનો અવસર ઉત્પન્ન થયો છે.


વર્ષ : ૫ અંક : ૪

તા. ૦૯-૦૨-૨૦૨૦ વીર સંવત : ૨૦૭૬ મહા સુદ પૂનમ



www.shreevardhamanparivar.com

E-mail : vardhmanparivar@yahoo.com, vardhmanparivarborivali@gmail.com


# ભયહર વિચારધારા

ભવભય વારક ! શ્રી શાંતિનાથ ભગવંત !

આપ ભવનો અંત કરનારા છો, તેથી સર્વ ભયનો અંત કરનારા છો. આ સંસારમાં જીવોને મોહનીયના ઉદયથી સાત પ્રકારના ભયો હેરાન કરે છે. તે સાત ભયોના - પેટાભેદમાં રહેલા હજારો ભયો જગતમાં વ્યાપી રહેલા છે. એ સર્વ ભયને નિવારનારા આપ છો, કારણ કે આપે ભવનો ભય એટલે સર્વ ભય નિવાર્યા છે.

જેના હૈયામાં આપની આજ્ઞા પ્રમાણે ભવનો ભય આવે તેને ચાર ગતિમય કારમા સંસારથી તુરત છૂટવાનું મન થાય. કારણ કે સંસારમાં શરીર ધારણ કરવા પડે છે. એક શરીર મૂકતાં જ બીજું શરીર તુરત તૈયાર થાય છે. શરીર હોય એથી હજારો ઉપાધી આવે. આપે બતાવેલો ભવનો ભય જીવને અશરીરી બનાવે. એને જન્મવું ન પડે, એ પરમાત્મા થઈને પરમાનંદમાં મગ્ન રહે. સંસારમાં સર્વ ભયના વાતાવરણ ભરેલા છે.

સંસારના સુખનો ભૂખ્યો જીવ પરિગ્રહ અને આરંભના કારણે અનેક જીવોની સાથે વેર બાંધે છે એથી એને પોતાને જ ભય વધતો જાય છે. જે બીજાને ભય ન આપે તેને બીજાનો ભય ન હોય.

ભવનો ભય પાપનો ભય લાવે, પાપનો ભય આકાર્ય કરતા અટકાવે, અકાર્યતી અટકે તે ઉજ્જવલ જીવન જીવે, આત્માને ઉચ્ચ દશામાં લાવી શકે. આવું સમજાવનારી આપની અમોઘ વાણી મારા હૈયામાં જેટલા અંશે છે એટલા અંશે હું નિર્ભય છું.

જેમ જેમ આપની વાણીનો રસ અંતરમાં ઊતરે છે તેમ તેમ આનંદમગ્ન બનું છું, પાપ પીગળે છે, દુઃખ વિસરે છે, મનમાં પ્રસન્ન ‌તા આવે છે, હૈયામાં અનુપમ શક્તિ પ્રગટ થાય છે.

હે પરમ તારક પ્રભુ ! આપના શરણે રહેલા મને માણસજાતિનો ભય નથી, કારણ કે મારા સ્વાર્થના માટે અથવા વિના કારણે હું કોઈ પણ માનવ સાથે વેર બંધાય એવા કાર્યમાં ન પડું એવી આપની દયા છે. પશુપંખી, જલચર કે દેવજાતિનો પણ ભય મને નથી. મારા કર્મના ઉદય વિના એ કોઈ મારું ખરાબ કરનાર નથી, એમ મને દૃઢ વિશ્વાસ છે. આપની દયાએ હું સંસારમાં મારા કહેવાતા સર્વ પદાર્થો ધન, મકાન કંઈ લઈ જશે, એ જાતિભય મને નથી. કારણ કે ધન, મકાન, ખેતર, પરિવાર, કુટુંબ વગેરેને મારા માનતો નથી.

પાણીનો અકસ્માત, વીજળીનો અકસ્માત, વાહનનો અકસ્માત, ધરતીકંપનો અકસ્માત, ભારે રોગનો અકસ્માત, અગ્નિનો અકસ્માત વગેરે અનેક પ્રકારના અકસ્માત જગતમાં બને છે, મને એનો પણ જરાય ભય નથી.

દુષ્ટ કર્મના ઉદયે જેનું આવી બન્યું હોય છે તેને જ અકસ્માત હેરાન કરે છે અથવા મારી નાખે છે. આવું સમજતો હું કોઈ પણ અકસ્માતની ચિંતા કરતો નથી, એ બાબતમાં નિર્ભય છું.

સંસારની વ્યથામાં પડેલા ઘણાખરા જીવોને મારી આજીવિકા બરાબર ચાલશે કે નહિ, "ખર્ચા વધી ગયા, કમાણી ઘટી ગઈ, હવે શું થશે ?" વગેરે અનેક જાતિના વિકલ્પો હેરાન કરે છે પણ આપની છાયાએ "સહુને પોતપોતાના પુણ્ય પ્રમાણે સાધન મળે છે. સુખ-દુઃખ, શુભ-અશુભ કર્મના ઉદયથી આવે છે" એવી દૃઢ ધારણા મારા મનમાં વસવાથી મને આજીવિકા સંબંધી લેશમાત્ર ચિંતા નથી.

દુનિયામાં બધા માણસને, મારું બધા સારું બોલતા હશે કે, ખરાબ, મારો જશ વધશે કે અપજશ, આ બાબતની ફીકર રહ્યા કરે છે. આપના સેવકને તો "મારે કોઈનું ખરાબ કરવું નથી, કોઈ પણ ખોટું કાર્ય કરવું નથી, બને તેટલા ધર્મકાર્ય કરવા છે." આવા ભાવ હોવાથી એને જશ કે અપજશની પડી નથી અને ગમે તેમ બોલે તો પણ હું ધર્મથી ચલાયમાન થવાનો નથી. ધર્મમાં દૃઢતાના વિચારો જાળવવા સદાય તૈયાર છું. આ કારણે મને અપજશનો લેશમાત્ર ભય નથી. દયાળુ દેવાધિદેવ ! સહુ જીવોને મોટામાં મોટો ભય મરણનો હોય છે પણ સંસારના સ્વરૂપને ઓળખનાર અને સદા વિચારનારને મરણનો ભય કેમ સતાવે ? મરણ સર્વ કોઈને વહેલા કે મોડા, કોઈ પણ સ્થાનમાં, દિવસે કે રાત્રે, એકલા કે બધાયની વચ્ચે આવે જ છે, એનાથી બચી શકવાની આવડત આજ સુધી કોઈને મળી નથી. સહુને એક સરખી રીતે ઉપાડી જનાર, એ મરણનો ભય રાખવાથી શું વળે ? પોતાના આવતા ભવને માટે, સારામાં સારી તૈયારી કરવા માટે શુદ્ધ શ્રદ્ધા, સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય, સમતા અને તપબળ તથા ધર્માનુષ્ઠાન જેણે પોતાના જીવનમાં લાવવા પ્રયત્ન કર્યા હોય તેને મરણનો ભય હોય નહિ. વહેલું આવે કે મોડું આવે એની પરવા રહે નહિ. આવું સમજનારા આપના સેવકોને મરણનો ભય કેમ હેરાન કરે ?

આ રીતે ઈહલોક ૧, પરલોક ૨, આદાન ૩, અકસ્માત ૪, આજીવિકા ૫, અપયશ ૬ અને મરણ ૭ એ સાતે ભયને આપની આજ્ઞાના સતત ચિંતન વડે હું સદાય ટાળતો રહું એટલી શક્તિ મારામાં આવે અને ટકી રહે. મારો આત્મા નિર્ભયતાના ભાવમાં લીન રહે, એ જ

(અનુસંધાન પેજ નં.૪ પર)

# પશુઓની હત્યાથી આવે છે, કુદરતી આફતો

દાવાનળમાં ૪૮ કરોડ પશુ-પંખીઓ કમોતે મર્યા પછી ઓસ્ટ્રેલિયાની સરકાર ૧૦ હજાર ઊંટોને હેલિકોપ્ટરમાંથી શાર્પ શૂટરો પાસે મારવાનું અમાનવીય કૃત્ય કરશે. સૂર્યગ્રહણની અને છ ગ્રહોની યુતિનો જાણે કે પ્રતાપ દેખાતો હોય તેમ વિશ્વની સૃષ્ટિમાં છેલ્લા કેટલા વર્ષોમાં નહીં સાંભળવા મળે તેવા સમાચારો આવવાનું શરૂ થયું છે. ૨૮ કરોડ પશુ-પંખીઓ જ્યારે જંગલના દાવાનળમાં બળીને મૃત્યુ પામ્યા હશે ત્યારે તેમની વેદનાના પડઘાઓ શૂન્ય આકાશમાં અંકિત થયા હશે. હજુ આ સમાચારની શાહી સુકાઈ નથી ત્યાં ૧૦ હજાર ઊંટોને બહુ પાણી પી જાય છે તેવું આળ ચડાવીને તેઓને શાર્પ શૂટરો દ્વારા હેલિકોપ્ટરમાંથી અમાનવીય રીતે મોતને ઘાટ ઉતારવામાં આવશે. કુદરતી રીતે દાવાનળમાં મૃત્યુ પામેલા જીવો માટે સમગ્ર વિશ્વ ઓસ્ટ્રેલિયાના પ્રમુખને સહાનુભૂતિ બતાવી રહ્યું છે ત્યારે આવા અમાનવીય કૃત્ય માટે ભારત સહિત અનેક દેશોમાં સોશિયલ મીડિયા ઉપર ફીટકાર વરસાવવામાં આવી રહ્યો છે.

ડૉ. બજાજ, ડૉ. ઈબ્રાહીમ અને ડૉ. સિંઘ નામના ભારતના ત્રણ વૈજ્ઞાનિકોએ પોતાના પ્રથમાક્ષર પરથી બીસોલોજી ઓફ અર્થક્વેક્સનો સિદ્ધાંત સુઝહલમાં વિશ્વમાં વૈજ્ઞાનિકોની ચોપાટ સમક્ષ મૂક્યો ત્યારે સમગ્ર વિશ્વ સ્તબ્ધ થયું હતું કે, સમગ્ર વિશ્વમાં આવતા ધરતીકંપો, સુનામીઓ અને કુદરતી આફતોનું મૂળ કારણ પશુઓની હત્યા છે. આ ત્રિપુટીએ સાબિત કર્યું હતું કે રેડિયો, ટીવી, સેટેલાઈટ અને એક્સપ્લોઝીવ એટમ બોમ્બના પણ વિસ્ફોટો તરંગોના આવાગમન પર નિર્ભર હોય છે. રશિયાના વૈજ્ઞાનિકે તો લ્યુનોખોદ નામના મશીનથી ચંદ્ર પરની રજકણને પૃથ્વી પર લાવવાનો સિદ્ધ પ્રયોગ કરેલો છે. આજ પ્રમાણે ધરતીકંપ પણ તરંગોના આધારે થાય છે. જેમાં તેમણે ત્રણ તરંગોની વાત કરી છે. જેમાં પહેલા તરંગો અતિ વેગથી પસાર થતાં હોય છે. બીજા પ્રકારના તરંગો પ્રમાણમાં ધીમી ગતિવાળા હોય છે પરંતુ તેઓ પશુઓની હત્યા થાય ત્યારે જેને આઇન્સ્ટાઇન પેઇન વેવ્ઝ કહે છે તેવા વેદનાના વાદળોને બાંધતા હોય છે. આવા વાદળોના મોજા ધીમે ધીમે એકઠા થઈને બળવાન થતાં જતાં હોય છે. જે સ્થાન પણ ફેરવી શકે છે અને જેમ પાણીના વાદળો ફાટે ત્યારે વરસાદ પડે છે તેમ આ વેદનાના વાદળનું એક્સપ્લોઝન થાય ત્યારે ભૂગર્ભના ખડકોને પણ તોડી નાખે છે.

અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ-મુંબઈ દ્વારા ઓસ્ટ્રેલિયાના પ્રમુખને પત્ર લખીને બહુ જ મહત્ત્વની વાત તરફ અંગૂલિ નિર્દેશ કર્યો છે કે, દુષ્કાળ અને પાણીની અછતને કારણે ઊંટોને આવી રીતે મારી નાખવાથી આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે. કેમ કે આ પશુઓ પણ દુનિયામાં રહેવા માટે માનવ જેટલો જ અધિકાર છે અને તેમની હાજરીથી આ સૃષ્ટિનું ઇકો સર્કલ અને પર્યાવરણીય સમતુલા સચવાઈ રહે છે. પશુઓ મરશે તો જંગલો ખતમ થશે. જંગલો ખતમ થશે તો નદીઓ સુકાઈ જશે અને નદીઓ સુકાશે તો જમીન બંજર થઈ જશે. જલ, જમીન, જંગલ અને પશુઓની રક્ષા થશે તો આ સૃષ્ટિની સુરક્ષા થશે. તો જ આ સૃષ્ટિ પરના જનની સુરક્ષા થશે.

ઓસ્ટ્રેલિયામાં ૨.૬ કરોડની વસતિ છે અને તેઓનું પર કેપિટા મીટ કધઝમ્પશન પ્રતિવર્ષ ૨૬ કિલોગ્રામનું છે. વિશ્વમાં એક વાત તો પ્રસ્થાપિત થઈ ચૂકી છે કે ૧ કિલોગ્રામ બીફ પેદા કરવા ૧૪.૫ હજાર લીટર પાણી જોઈએ છે. પ્રત્યેક વ્યક્તિદીઠ બે કિલો માંસ ખાવાનું ઓછું કરે તો ૧૧૪૦ મિલિયન લિટર પાણીનો બચાવ થઈ શકે તેમ છે. ઓસ્ટ્રેલિયાનાં પ્રત્યેક વ્યક્તિ સરેરાશ પ્રતિવર્ષ ૨૪૫ ચીકન એગ્સનો વપરાશ કરે છે અને એક ચીકન પેદા કરવા માટે ૧૩૫ લીટર પાણીનો વેડફાટ થાય છે.

ઓસ્ટ્રેલિયાના પ્રાઈમિનિસ્ટર સ્કોટ મોરિઝોન માત્ર એટલો આદેશ કરે કે ઓસ્ટ્રેલિયાની વ્યક્તિ પોતના જીવનમાં વર્ષ દરમિયાન માત્ર પાંચ ચીકન એગ્સ ખાવાનું બંધ કરે તો ૧૪ હજાર મિલિયન લિટર પાણીનો બચાવ થઈ શકે. એનિમલ બેઝડ ડાયેટથી પેદા થતી પાણીની વેડફાટની સમસ્યા સમગ્ર વિશ્વમાં માઝા મૂકતી જાય છે.

ઊંટ એક સાથે ૨૦૦ લિટર પાણી પી જાય છે પરંતુ ત્યાર બાદ તે ૬૦ દિવસ સુધી પાણી વગર જીવી શકે છે. આ ગણતરીના આધારે જે ૧૦ હજાર ઊંટોને મારી નાખવાની વાત ચાલે છે તેઓ સમગ્ર વર્ષ દરમિયાન ૧૦૦ મિલિયન લિટર પાણીનો વપરાશ કરે છે. ઉપરોક્ત પાણીના બચાવની સામે આ વપરાશ તો નગણ્ય છે.

સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ, દુષ્કાળ, ક્લાઈમેટચેન્જ, કુદરતી આફતો વગેરેનું મૂળ કારણ માંસાહાર છે. રશિયા, ડેનમાર્ક અને ચાઈનાએ તો આ વાતની ગંભીરતા સમજીને કાયદેસર રીતે પોતાના દેશમાં માંસના વપરાશને ૫૦ ટકાથી ઓછો કરવાની તાકીદ કરી દીધી છે. આ વાત ઓસ્ટ્રેલિયાએ પણ અનુસરાવ જેવી છે. નહીં તો માણસને માણસનું માંસ ખાવાનો એક દિવસ વારો આવશે તો નવાઈ નહીં લાગે.

અદાલતોનો આદેશ છે કે સૃષ્ટિ પર રહેવાનો માણસને એકલાને અધિકાર નથી અને રિસોર્સીસને ટકાવી રાખવાની આ વિશ્વને તાતી જરૂરિયાત છે. નહીં તો ગ્લોબલ વોર્મિંગના ઘંટનાદો વાગી ચૂક્યા છે. આ પર્યાવરણની મોટી સમસ્યાને કુદરતકૃત કહેવાને બદલે માનવકૃત કહેવી અત્યંત ઉચિત લાગે છે.

- અતુલકુમાર વ્રજલાલ શાહ, સી.એ.

# કોરોના એપિડેમિક – આઘાત તેવો પ્રત્યાઘાત

## વિશ્વના લોકો વાર્યા નહીં વળે પરંતુ હાર્યા વળશે

આઘાત પ્રત્યાઘાતની થિયરી મુજબ તમે વિશ્વમાં જીવોની કત્લેઆમ કરો છો તો સામે પ્રકૃતિ તમને પણ તેની શિક્ષા આપશે. ચાઈનામાં જે પ્રમાણે જીવોની કત્લેઆમ થાય છે તેનો જવાબ પ્રકૃતિએ લેવાનું શરૂ કર્યું છે. છેલ્લા અહેવાલ મુજબ ૨૪૦૦૦થી વધુ માણસ મૃત્યુની શૈયા પર આરૂઢ થયા છે અને ૧૫૦,૦૦૦ જેટલા લોકો અફેક્ટેડ છે. કોઈ ન પહોંચે એને એનું પેટ પહોંચે એ કહેવત અમથી તો નહીં પડી હોય. માણસ-જન પોતાને આ વિશ્વનો ચક્રવર્તી માનીને જલ, જમીન, જંગલ અને જનાવર પર તૂટી પડ્યો છે. વિશ્વની ટોચની સંસ્થાઓ માને છે કે ત્રીજુ વિશ્વયુદ્ધ પાણી માટે થશે. વોશિંગ્ટન ટાઈમ્સના એક દિવસના છાપાનો કાગળ બનાવવા માટે ૫૦ હજાર વૃક્ષોનો સોથ વાળી દેવામાં આવે છે. કેમિકલ ફર્ટિલાઈઝર્સ અને પેસ્ટીસાઈડ્સના ઉપયોગ દ્વારા જમીનની ફળદ્રુપતા ઝડપથી નાશ પામવા લાગી છે. હેલિકોપ્ટરથી છાંટવામાં આવેલા આ વીષયુક્ત રસાયણોને કારણે માતાના દૂધ સુધી ડીડીટીના અવશેષો ૮૦૦ ગણા વધારે જોવા મળ્યા છે. પંજાબ અને હરિયાણામાં તો એક ટ્રેનનું નામ જ કેન્સર ટ્રેન પડી ગયું છે. કેમ કે તેમાં મોટાભાગના મુસાફરોને કેન્સરનો રોગ લાગુ પડેલો હોય છે.અને જનાવરોનું તો બીચારાનું કોઈ પુછનાર નથી. કેરાલા હાઈ કોર્ટે અને સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે કે એકલા માણસના બાપની આ સૃષ્ટિ નથી. આ સૃષ્ટિ ઉપર પશુઓનો પણ સંપૂર્ણ અને સપ્રમાણ અધિકાર છે. ગેટ કરારમાં સહી કરેલા દેશોએ તો પશુઓને ફંડામેન્ટલ રાઈટ્સ આપવાનું ઠરાવી દીધેલું છે. જેમાં પશુને સુખેથી જીવવાનો, ભૂખ્યા નહીં રાખવાનો, દર્દ નહીં આપવાનો અને સન્માન સાથે જીવવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે. ચીનાઓ આમાંનું કાંઈ પાળતા નથી. અને પ્રકૃતિના અબાધિત નિયમોનો આદર નથી કરતા.

ચાયનામાં મંકિ ફેસ્ટિવલ થાય ત્યારે એક લાકડાના ટેબલમાં બે ભાગ પાડીને વચ્ચે વાંદરાનું મોઢું આવી શકે એવો બંને ટેબલ પર અર્ધગોળાકાર કરવામાં આવે છે. વાંદરાનું શરીર નીચેના ભાગમાં હોય છે અને ડોક ઉપર હોય છે. તેનું શરીર ભયંકર ઉકળતા ગરમ પાણીમાં બફાતું હોય છે અને તેનું જે લોહી ગરમ થાય તે બ્રેઈન સુધી પહોંચે ત્યારે તે વાંદરાને ટેબલ પર બેસીને સાત-આઠ જણા ભેગા થઈને તે શેકાયેલા મગજનો આહાર કરતા હોય છે. હવે તેમના આખા શરીર સ્મશાનમાં બળી રહ્યા છે.

ભૂંડના શરીરમાં જીવતેજીવ મસાલો પહોંચે તો તે વધારે સ્વાદીષ્ટ બને તે માટે વચ્ચે અગ્નિ અને ચારેબાજુ અગ્નિમાં વચ્ચે ભૂંડને ગોળગોળ દોડાવવામાં આવે છે. પછી ભૂંડને ગરમી અને પરિશ્રમને કારણે તરસ ભયંકર લાગે ત્યારે લાલ મસાલાવાળુ પાણી પીવડાવવામાં આવે છે. જે આખુ તેના શરીરમાં ફરી વળે છે અને પછી એના શેકાયેલા શરીરને કાચામાં કાચુ કાપીને ખાવામાં આવે છે.

ચાઈનામાં વુહાન શહેરમાં વન્યજીવોની જે માર્કેટ છે તેના વિડિયો હવે વાઈરલ થવા માંડ્યા છે. દુનિયાભરના લોકો કદાચ ગાય, ભેંસ, ઘેટા, બકરા કે મરઘા - બતકાનું માંસ ખાતા હશે પરંતુ ચીનના લોકો તો ઉપર જણાવ્યું તે પ્રમાણે વાંદરા, કુતરા, બીલાડા અને કરચલાના તેમજ કાચબા, અજગર, સાપ, વિંછી કે દેડકાનું પણ માંસ ખાય છે. ઉપરાંત સી ફુડ્સમાં ડોલ્ફીન, શાર્ક, ઓક્ટોપસ વગેરે દરિયાઈ જીવોને પણ શેકીને ખાય છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ સર્પમાંથી કે ચામાચિડિયામાંથી આ વાઈરસ ફેલાયો છે. હજી તો આ તેમની માત્ર ધારણા છે પરંતુ તેના નામે લાખો ચામાચિડિયાઓને હવે આ લોકો બાળી નાંખશે. તેનું પ્રદૂષણ નવા રોગો ઉભા કશે. ઓસ્ટ્રેલિયામાં પાણીના વપરાશના નામે ૧૦ હજાર ઉંટોને હેલિકોપ્ટમાંથી શૂટ એટ સાઈટ કરવામાં આવ્યા. મેડ કાઉ ડિસિઝના નામે અગાઉ લાખો નિર્દોષ ગાયોની કત્લેઆમ કવામાં આવી, સ્વાઈન ફ્લુ વખતે નિર્દોષ ડુક્કરોની કતલ કરવામાં આવી, આફ્રિકાના ઈબોલા વાઈરસે હાહાકાર મચાવ્યો ત્યારે પણ ચામાચિડિયાઓની કત્લેઆમ કરવામાં આવી.

ચીનમાં સાર્સ નામનો અગાઉ રોગ જોવા મળેલો ત્યારે શિવેટ

## શ્રી ચંદ્રમણિ તીર્થ વાલવોડ તથા તેની આજુબાજુના ગામના દેરાસરોના કર્મચારીઓનું બહુમાન





**શ્રી ચંદ્રમણિ તીર્થ વાલવોડ તથા તેની આજુબાજુના ગામના દેરાસરોના કર્મચારીઓનું દર વર્ષની જેમ આ વર્ષે પણ રૂબરૂ મળીને અનાજની કીટ, શાલ વગેરે શ્રી અર્પણ સાંસ્કૃતિક કેન્દ્ર (મુંબઈ)વાળા શ્રી તેજપાલભાઈ માધાણી અને જયકુમારભાઈ માધાણી સહિત શ્રી વર્ધમાન પરિવારના અગ્રણી શ્રી પ્રકાશભાઈ દાઢી તથા શ્રી વિનોદભાઈ (વાલાભાઈ)ના નેજા હેઠળ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બહુમાનપૂર્વક ભક્તિ કરવામાં આવી હતી.**

નામના પ્રાણીનો ભોગ લેવામાં આવ્યો હતો. ભારતમાં બર્ડ ફ્લુને કારણે લાખો મરઘાંનો સંહાર કરવામાં આવ્યો હતો. આ બધા રોગોની પાછળ દવાઓ બનાવતી કંપનીના માંધાતાઓ કરોડો - અબજો ડોલર કમાઈ જતાં હોય છે. તેથી ગાંધી વૈદ્યનું સહિયારૂ ચાલતું હોય છે. સૌથી વધારે મહત્ત્વની બાબત એ છે કે એક પશુની સામે બીજા પશુની કતલ કરવામાં આવે છે ત્યારે બીજા પશુના શરીરમાં ભયને કારણે જે વીષયુક્ત રસાયણો છૂટે છે તે રોગોત્પાદક છે. તેને કારણે તે માંસ ખાનારાઓના શરીરમાં ભયાનક રોગો પેદા થાય છે. એક કિલો માંસ પેદા કરવા માટે ૧૬ કિલો અનાજ અને ૧૪.૫ હજાર લિટર પાણી વપરાતું હોવાથી ચાઈનાની સરકારે માંસના વપરાશને ૫૦ ટકા ઘટાડવા માટેનું એલાન કરેલું હતું. પરંતુ હાલતા-ચાલતા જીવતા જીવોને કાચા ને કાચા ખાનારા લોકો હવે એનો ભોગ બની રહ્યા છે.

માણસનું શરીર માંસાહાર માટે યોગ્ય નથી. માટે હવે સમજીને જ પારોઠના પગલા ભરે તે તેના માટે હિતાવહ છે અન્યથા તુલસીએ ખરેખર કહ્યું છે કે તુલસી હાય ગરીબ કી કબહુ ખાલી ન જાય, મુએ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય. મરેલા ઢોરના ચામડાથી જો લોઢું ભસ્મ થઈ જતું હોય તો જીવતા પશુઓની આવી હાયથી શું નહીં થાય ? ગાંધીજીએ ખરે જ કહ્યું છે કે એક દેશ પોતાના પશુ સાથે કેવો વ્યવહાર કરે છે તેનાથી તેના ચારિત્ર્યના આંકનું મુલ્યાંકન થઈ જતું હોય છે.પશુઓની મતબેન્ક કે યુનિયનો નહીં હોવાથી તેમની વિરુદ્ધ ગમે તેવા નિર્ણયો થઈ શકે છે.

ચાઈનાઓના ગામ સીલ કરવામાં આવે, રસ્તા રોડ ઉપર સહજ કરફ્યુ જણાય અને તેમના દેશમાંથી આવતા પ્રત્યેક વ્યક્તિઓને ૧૪ દિવસના ક્વોન્ટાઈનમાં રહેવું પડે, લોકો હડધુત કરે તેનાથી વધારે બીજી નાલેશી કઈ હોઈ શકે ? હજી તો પાશેરામાં આ પહેલી પુંણી છે. જાગ્યા ત્યારથી સવાર. આપણે પ્રાર્થના કરીએ કે આ નિર્દોષ જીવોની થતી કત્લેઆમ હવે તુરંત પ્રતિબંધિત થાય. માણસ વાર્યો નહીં વળે પણ હાર્યો વળશે.

લેખક : અતુલકુમાર વ્રજલાલ શાહ (સીએ)

## ''ભયહર વિચારધારા'' (પાના નં.૧થી ચાલુ)

ભાવના ભાવું છું. આપની અમીદષ્ટિ વડે એ નિર્ભય ભાવનાથી વાસિત રહું અને વિરાધક ભાવથી - આર્ત રૌદ્ર ધ્યાનથી બચું અને ધર્મધ્યાન વડે આરાધકભાવમાં દિનરાત મગ્ન રહું, આટલું જ મારે ઘણું છે. એના વડે હું જીત પામીશ, ભવથી પાર થઈશ, પરમ નિર્ભય દશા હું સદા કાળ અનુભવીશ. આ રીતે સાતે ભયથી પર રહેલા સાધુ નીચે પ્રમાણે આઠ ગુણવાળા કહેવાય છે. ૧. મોહ વિષનો ઘાત કરનારા, ૨. મોક્ષનો ઉપદેશ આપનારા હોવાથી અજરામર કરનારા રસાયણરૂપ, ૩. મંગળને કરનારા, ઉપદ્રવ વિનાશક સાધુનાં દર્શનથી મંગળ જ થાય, ૪. પ્રકૃતિથી જ વિનયવંત, વાળ્યા વળે, સહુનું કલ્યાણ કરે, ૫. માર્ગાનુરાગી હોવાથી પ્રદક્ષિણાવર્તી, સીધા માર્ગે જાય તે પ્રદક્ષિણાવર્તી કહેવાય, ૬. ગુરુ એટલે અતુચ્છ, ગંભીર, ૭. અદાહ્ય - ક્રોધાગ્નિથી ન બળે તેવા, ૮. શીલ સુગંધથી સદા તાજા રહે, કદી પણ બગડે નહિ એવા નિર્મળ પંચાચારવંત. સુવર્ણના આઠ ગુણની ઉપમાથી સાધુના આઠ ગુણ વર્ણવેલા છે.

- પૂ. આ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મ.સા.

(સાભાર : પરમાત્માને વિનંતી પત્રો પુસ્તક)

'Printed Books only ' Posted under clause 121 & 114(7) of P&T guide

To,

**From : Shri Vardhaman Parivar :** (Prabhavatiben Chhaganbhai Sarkar Sanskruti Bhavan) 6, Dhan Mansion, 1st Floor, Avantikabai Gokhale Street, Opera House, Mumbai - 400 004. Tel.: 022- 2388 7637, 2389 5857

**Postal Add. :** 101 Sundardham CHS, Opp. D. K. Store, Jambali Gali, Borivali (W), Mumbai - 400092. Tel.: 022-28996254 - Wup. : 9987887846